SANDESH SURAT SATURDAY, 3•12•2016

# વિદેશમાં નોકરીના બહાને ગરજાઉ યુવાઓને છેતરનાર ટોળકી ઝડપાઈ

## વેસુમાં યુનિવર્સલ ગ્રૂપ નામથી ઓફિસ ખોલનારા સામે ૮ ગુના

### સુરત, અરવલ્લી. નવસારી, નબીપોર, બોરસદના યુવકો પાસે પૈસા પડાવ્યા હતા

સુરત, તા. ૨

વિદેશમાં નોકરીની લાલચમાં સપડાવી લાખોનું ચીટિંગ કરનાર ત્રણ યુવકોને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. વેસુના યુનિવર્સલ ગ્રૂપ નામથી ઓફિસ ખોલી આ યુવકોએ સુરત, અરવલ્લી, નવસારી, નબીપોર, બોરસદના યુવકો પાસે પૈસા પડાવી ચીટિંગ કર્યાની આઠ પોલીસ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી.

ઉમરા પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર અરવલ્લીના ધનસુરા તાલુકાના વતની અનિલકુમાર ઈશ્વરભાઈ બારોટે વર્તમાનપત્રોમાં વિદેશમાં નોકરી અંગેની જાહેર ખબર વાંચી સુરતમાં કાર્યરત એવા યુનિવર્સલ ગ્રૂપનો સંપર્ક સાધ્યો હતો. વેસુરોડ ઉપર ફોનિક્સ ટાવરમાં પહેલા માળે આવેલી ઓફિસમાં જઈ અનિલ બારોટ અહીંના કર્તાહર્તા કુણાલ ભરત મિસ્ત્રીને મળ્યો હતો. તેણે મિસ્ત્રીને પોતાના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો આપ્યા હતાં. આ ઉપરાંત તમામ ફોર્માલિટીઝ પૂરી કર્યા બાદ અનિલ બારોટને વિદેશમાં નોકરી મળી જશે એવું આશ્વાસન આપી અનિલ પાસેથી ૩.૦૯ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

અનિલ બારોટની જેમ જ નવસારીના જલાલપોર તાલુકાના મંદિર ગામમાં રહેતા રઈસ અહમદ ગફુરભાઈ શેખ, નવસારીના તરોટા બજારમાં આવેલા મન્નત એપાર્ટમેન્ટમાં રહેતા ઉસ્માનભાઈ અમીનભાઈ મેમણ, શહેરના ડભોલી વિસ્તારમાં ગોવિંદજી હોલની બાજુમાં આવેલા હરિનગરમાં રહેતાં જયદીપ હિંમતભાઈ ગઢિયા અને કેરાલિયન સુમીશ સખીશને પણ વિદેશમાં નોકરીની વાતમાં ફસાવાયા હતા. તેઓ પાસેથી પણ દોઢ-દોઢ લાખ રૂપિયા લેવાયા હતા.

બ્રૂનેઈ દેશમાં આવેલી ગાર્મેન્ટ કંપનીમાં નોકરીની વાત આ તમામને કરાઈ હતી. ૫૦ હજારથી વધુ પગારની લાલચ અપાતાં આ યુવકો નોકરી માટે તૈયાર થયા અને તેમણે માગ્યા અનુસારના ડોક્યુમેન્ટ્સ તથા નાણાં જમા કરાવી દીધા હતા. ત્યારબાદ તેઓને વિદેશ મોકલવાની વાત તો દૂર પણ સીધા જવાબ પણ અપાયા ન હતા. યુનિવર્સલ ગ્રૂપના કુણાલ મિસ્ત્રી સામે આ ગરજાઉ યુવકોએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આવી જ ફરિયાદો જલાલપોરના અલતાફ અયુબ પટેલ, ભરૂચના નબીપુરના વતની સોએબ યુનુસ મોલા, સલમાન બસીરભાઈ પટેલે તથા આણંદ જિલ્લાના બોરસદના વતની મહંમદ અબરાર નિસારોદિન મલેકે પણ નોંધાવી હતી.

આ આઠ યુવાઓ સામે ચીટિંગ કરી ભાગેલી ટોળકીની તલાશમાં ઉમરા પોલીસની સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ જોડાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચના સબ ઈન્સપેક્ટર કે. કે. ગોહીલની ટીમ આ ગઠિયાઓ સુધી પહોંચવામાં સફળ રહી હતી.

રૂપિયા ઉસેટી ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયેલા કેતન દીપકભાઈ સરવૈયા (રહે, મંગલમ એપાર્ટમેન્ટ, પીપલોદ જકાતનાકા પાસે), પ્રતીક નિલેશ શાહ (રહે, રિવર ડ્રાઈવ સોસાયટી, અડાજણ), તથા મહેન્દ્ર માંગીરામ પ્રજાપતિ (રહે, મંગલ એપાર્ટમેન્ટ, પીપલોદ)ને ઝડપી પાડ્યા હતાં. આ યુવકો પાસેથી બે લેપટોપ, રોકડા ૨,૯૨,૯૭૦ રૂપિયા ઉપરાંત ૨૭૪ ડોલર પણ મળી કબજે લેવામાં આવ્યા છે.

### નામ એક ચહેરા અનેક

સુરત : વિદેશમાં નોકરી કરવાની ઘેલછા ધરાવતાં યુવાઓને ફસાવી પૈસા ખંખેરવાનો કારસો કેતન સરવૈયા, પ્રતીક શાહ અને મહેન્દ્ર પ્રજાપતિએ રચ્યો હતો. આ યુવાઓએ વેસુમાં ઓફિસ ખોલી હતી. ઓફિસમાં કર્તાહર્તા તરીકે કુણાલ ભરત મિસ્ત્રી નામનું પાત્ર ઊભું કરવામાં આવ્યું હતું. અખબારોમાં જાહેરાત વાંચી ઇન્કવાયરી માટે આવનારા યુવાઓ સાથે ડિલિંગ કુણાલ મિસ્ત્રિ જ કરતો હતો. જો કે કુણાલનું ફિઝીકલ અસ્તિત્વ જ ન હતું. તેની ભૂમિકા ક્યારેક કેતન સરવૈયા તો ક્યારેક મહેન્દ્ર પ્રજાપતિ ભજવતાં હતાં. મહેન્દ્ર માંગીરામ શર્માએ તો કૃણાલ મિસ્ત્રિ ઉપરાંત વિકાસ મુનેશ શર્મા અને અજય છોટુંલાલ ગુપ્તા નામ પણ ધારણ કર્યું હતું. આ બંને જણા કુણાલ મિસ્ત્રી હોય એવા આઇડી સોફટવેર ઇજનેર પ્રતીક શાહે બનાવ્યા હતાં. પ્રતીક સામે અગાઉ પણ બોગસ ડોક્યુમેન્ટ બનાવી લોન લેવાનો ગુનો વડોદરા પોલીસમાં નોંધાઇ ચૂક્યો હોવાનું જાણવા મળે છે.

### ડોલરની દલાલી કરતાં હતાં

સુરત : નોકરીના નામે નવ યુવકો પાસેથી બાર લાખથી વધું રૂપિયા પડાવી લેવાના કેસમાં ઝડપાયેલા ત્રણ યુવકો પૈકી કેતન સરવૈયા માસ્ટર માઇન્ડ છે. તેણે ઇજનેરીનું શિક્ષણ લીધું છે. કેતન સરવૈયા અને મહેન્દ્ર પ્રજાપતિ ડોલરની દલાલી કરતાં હતાં. બેન્ક અને એક્સચેન્જ સેન્ટરમાંથી ડોલર લઇ આવી તેને કમિશનથી વેચતાં હતાં. ત્યારબાદ તેઓએ પ્રતિકને સાથે લઇ વિદેશમાં નોકરીનું સ્કેમ ડિઝાઇન કર્યું હતું. આખા રેકેટમાં કેતન સરવૈયા કલાયન્ટ હેન્ડલ કરતો હતો, જ્યારે મહેન્દ્રકુમારના નામે ઓફિસ ભાડે લેવાય હતી. આ બંનેના બોગસ આઇડી સહિતના દસ્તાવેજો પ્રતિકે બનાવ્યા હતાં. આ ટોળકીનો સુત્રધાર સચિન શાહ હોવાનું પણ બહાર આવ્યુ છે.